| 133 | Vyas Ankit Kiritkumar | SHREE HARI OM ASHRAM ARPIT SHRI S.B. JUNNARKER MEDAL | B. E. (Mechanical)-, June - 2011. | Government Engineering College, Surat |
| 134 | Vyas Ankit Kiritkumar | SVARCAT SURAT SJY - 1986 BOMBAY FOOD MEDAL | B.E. (Mechanical)-, June- 2011. | Government Engineering College, Surat |
| 135 | Vyas Ankit K iritkumar | SIDDHARTH GUPTA MEDA L | B.E. (Mechanical)-, June - 2011. | Government Engineering College, Surat |
| 136 | Upadhyay Himil Rakeshkumar | CAPTAIN NOSHIR HORMOSJI WADIA MEDAL | B.E. (Electrical)-, June - 2011. | Valia Institute of Technology, Valia |
| 137 | Upadhyay Himil Rakeshkumar | SVARCET SURAT SJY - 1986 SURAT ELECTRICITY CO . MEDAL | B.E. (Electrical)-, June - 2011. | Valia Institute of Technology, Valia |

## LIST OF DEGREES (As Per the Faculty )

| No. | Degree | Total |
|---|---|---|
| **1** | **FACULTY OF ARTS** | |
| 1 | Bachelor of Arts (Special) | 1921 |
| 2 | Bachelor of Arts (General) | 5510 |
| 3 | Bachelor of Arts (Special - External) | 175 |
| 4 | Bachelor of Arts (General - External) | 176 |
| 5 | Bachelor of Library & Information Science | 38 |
| 6 | Bachelor of Fine Arts | 7 |
| 7 | Bachelor of Interrior Designing | 8 |
| 8 | Master of Arts (Regular) | 2875 |
| 9 | Master of Arts (External) | 253 |
| 10 | Master of Library & Information Science | 23 |
| 11 | Master of Business Economics | 44 |
| 12 | Master of Human Resource Development | 121 |
| 13 | Master of Labour Welfare | 21 |
| 14 | Master of Social Work | 46 |
| 15 | Master of Public Administration | 20 |
| 16 | P. G. Diploma in Journalism | 15 |
| 17 | P.G.Diploma in RM in Social Sciences | 20 |
| 18 | Doctor of Letters | 2 |
| 19 | Doctor of Philosophy | 16 |
| 20 | Master of Philosophy | 75 |
| | TOTAL | 11366 |
| **2** | **FACULTY OF EDUCATION** | |
| 21 | Bachelor of Education | 2862 |
| 22 | Bachelor of Education (Basic Education) | 201 |
| 23 | Bachelor of Education (Sp. Edu.-Visual Imp.) | 1 |
| 24 | P.G. Dipoma in Educationnal Technology | 1 |
| 25 | Bachelor of Physical Education | 47 |
| 26 | Bachelor of Physical Education(One year) | 27 |
| 27 | Master of Education | 82 |
| 28 | Master of Physical Education | 51 |
| 29 | Doctor of Philosophy | 13 |
| 30 | Master of Philosophy | 18 |
| | Total | 3303 |
| **3** | **FACULTY OF SCIENCE** | |
| 31 | Bachelor of Science (Special) | 2236 |
| 32 | Bachelor of Science (Information Technology) | 115 |
| 33 | Bachelor of Pharmacy | 445 |
| 34 | Bachelor of Computer Application | 1701 |
| 35 | Master of Science | 837 |
| 36 | Master of Science (Information Technology) | 81 |
| 37 | Master of Science (Technology) | 10 |
| 38 | Master of Pharmacy | 3 |
| 39 | Master of Computer Application | 217 |
| 40 | Master of Science (Info. & Comm. Tech.) | 54 |
| 41 | P. G. Diploma in Computer Application | 28 |
| 42 | P. G. Diploma in Medical Lab Technology | 72 |
| 43 | Diploma in Pharmacy | 16 |
| 44 | Doctor of Philosophy | 42 |
| 45 | Master of Philosophy | 17 |
| | Total | 5874 |
| **4** | **FACULTY OF ENGINEERING** | |
| 46 | Bachelor of Architecture | 33 |
| 47 | Bachelor of Engineering (Civil) | 142 |
| 48 | Bachelor of Engineering (Mechanical) | 467 |
| 49 | Bachelor of Engineering (Electrical) | 461 |
| 50 | Bachelor of Engineering (Computer) | 269 |
| 51 | Bachelor of Engineering (Chemical) | 131 |
| 52 | Bachelor of Engineering (Textile Technology) | 31 |
| 53 | Bachelor of Engineering (Textile Processing) | 18 |
| 54 | Bachelor of Engineering (Inst. & Control) | 40 |
| 55 | Bachelor of Engineering (Ele. & Comm.) | 490 |
| 56 | Bachelor of Engineering (IT) | 113 |
| 57 | Master of Engineering (Civil) | 1 |
| 58 | Doctor of Philosophy | 2 |
| | Total | 2198 |
| **5** | **FACULTY OF LAW** | |
| 59 | Bachelor of Laws (General) | 629 |
| 60 | Bachelor of Laws (Special) | 459 |
| 61 | Master of Laws | 30 |
| 62 | Doctor of Philosophy | 1 |
| | Total | 1119 |
| **6** | **FACULTY OF MEDICINE** | |
| 63 | Bachelor of Medicine & Bachelor of Surgery | 220 |
| 64 | Bachelor of Physiotherapy | 62 |
| 65 | Bachelor of Hom. Medicine & Surgery | 151 |
| 66 | Bachelor of Optometry | 7 |
| 67 | Master of Surgery (General Surgery) | 8 |
| 68 | Master of Surgery (Ophthalmology) | 3 |
| 69 | Master of Surgery (Orthopaedics) | 3 |
| 70 | Master of Surgery (Obstetrics & Gynaecology) | 4 |
| 71 | Doctor of Medicine (Anaesthesiology) | 9 |
| 72 | Doctor of Medicine (Pathology) | 5 |

| | | |
|---|---|---|
| 73 | Doctor of Medicine ( Paediatrics) | 10 |
| 74 | Doctor of Medicine (General Medicine) | 7 |
| 75 | Doctor of Medicine (Pharmacology) | 1 |
| 76 | Doctor of Medicine (Microbiology) | 1 |
| 77 | Doctor of Medicine (Radio-Diagnosis) | 1 |
| 78 | Doctor of Medicine (Community Medicine) | 5 |
| 79 | Doctor of Medicine (Psychiatry) | 1 |
| 80 | Doctor of Medicine (Der., Ven. & Leprosy) | 3 |
| 81 | Doctor of Medicine (Forensic Medicine) | 2 |
| 82 | Doctor of Medicine (Physiology) | 2 |
| 83 | Doctor of Medicine (Anatomy) | 5 |
| 84 | Diploma in Paediatrics | 1 |
| 85 | Diploma in Clinical Pathology | 2 |
| 86 | Diploma in Obstetrics & Gynaecology | 1 |
| 87 | Diploma in Medical Radio Diagnosis | 2 |
| 88 | Diploma in Anaesthesiology | 2 |
| 89 | Diploma in Tuberculosis And Chest Diseases | 1 |
| 90 | Diploma in Psychiatry | 1 |
| 91 | Doctor of Philosophy | 1 |
| | Total | 521 |
| **7** | **FACULTY OF COMMERCE** | |
| 92 | Bachelor of Commerce (Special) | 6470 |
| 93 | Bachelor of Commerce (General) | 413 |
| 94 | Bachelor of Commerce (Special - External) | 321 |
| 95 | Bachelor of Commerce (General - External) | 11 |
| 96 | Bachelor of Business Administration | 1408 |
| 97 | Master of Commerce (Regular) | 773 |
| 98 | Master of Commerce (External) | 379 |
| 99 | P. G. Diploma in Tax Management | 24 |
| 100 | P. G. Diploma in Computer Based Accounting | 1 |
| 101 | P. G. Diploma in International Business | 1 |
| 102 | Doctor of Philosophy | 5 |
| 103 | Master of Philosophy | 14 |
| | Total | 9820 |
| **8** | **FACULTY OF RURAL STUDIES** | |
| 104 | Bachelor of Rural Studies | 256 |
| 105 | Master of Rural Studies | 39 |
| 106 | P.G. Diploma in Dev. & Mngt. of Rural Org. | 1 |
| | Total | 296 |
| **9** | **FACULTY OF MANAGEMENT STUDIES** | |
| 107 | Master of Business Administration | 155 |
| 108 | Master of Busines Administration ( THM) | 8 |
| 109 | Doctor of Philosophy | 8 |
| | TOTAL | 171 |
| | GRAND TOTAL | 34668 |

## UGC National Seminar




Department of English, Veer Narmad South Gujarat University, Surat, organized a National Seminar on "Contemporary Indian Drama: Themes and Forms" on 14-15 February, 2012. In the Seminar Hall of Dept. of Computer Science on the university campus. In its Inaugural Session Prof Rakesh Desai delivered the welcome address and introduced the theme of the seminar. Prof K. S. Rajendran, National School of Drama, New Delhi, delivered key note address. Dr. Dakshesh Thakar, Vice Chancellor, Veer Narmad South Gujarat University, delivered presidential remarks.

The Inaugural Session of the seminar was followed by the academic sessions held on the two days. The seminar received research papers in the field of dramatic studies from Banaras Hindu University, Varanasi; University of Bombay, Mumbai; J. J. T. University, Rajasthan; Dr. Babasaheb Ambedkar Open University, Hyderabad; Kakatiya University, Andra Pradesh; The M. S. University of Baroda, Vadodara; Gujarat University, Ahmedabad; Saurashtra University, Rajkot and Veer Narmad South Gujarat University, Surat. The academic sessions generated quite dynamic interaction and meaningful discussion on various issues in the area of Indian drama written in Indian regional languages and in English by Indian English dramatists with reference to themes and forms. Many college teachers of Veer Narmad South Gujarat University and its students participated in the seminar. At the valedictory session, Prof Jyoti Vaidya, a notable dramatist in Gujarati, and Shri Kapildev Shukla, a noted drama director, delivered talks on, respectively, "Adapting and writing a play: some reflections" and " Drama and direction." A drama performance of Shakerpeare's Macbeth also took place in the evening of 14 February, 2012, directed by Ms. Sonal Vaidya-Kulkarni and adapted by Prof Jyoti Vaidya.



# કોલેજ ન્યૂઝ

## NAAC



એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાની ‘નેક’ની મુલાકાત દરમ્યાન કુલસચિવશ્રી પ્રોફે. જે.આર. મહેતા, કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલના ડીનશ્રી ડો. કે. એમ. પંડયાએ ઉપસ્થિત રહીને કોલેજની વિવિધ શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને બિરદાવીને પ્રેરકબળ પૂરું પાડયું હતું. ‘નેક’ કમિટિના સભ્યોએ યુનિવર્સિટીના પદાધિકારીઓની ઉપસ્થિતિની ખાસ નોંધ લીધી હતી. આચાર્ય શ્રીમતિ ભારતીબેન પંચોલીએ યુનિવર્સિટીના પદાધિકારીઓને આવકારીને યુનિવર્સિટીના હકારાત્મક અભિગમની પ્રશંસા કરી હતી.

## ઉજવણી

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૬-૧-૨૦૧૨ના રોજ પ્રજાસત્તાકદિનની ઉજવણી પ્રસંગે આચાર્યશ્રી ડૉ. કે.એન. ચાવડાના નેતૃત્વ હેઠળ જીવન જયોત ટ્રસ્ટ મંત્રીશ્રી અનુજભાઈ શાહ વરદ્‌હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટી પરિવાર તેમજ કોલેજ પરિવાર હાજર રહયા હતા. તથા એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ પરેડ કરી હતી. તદ્‌પરાંત વિવેકાનંદની જન્મજયંતીની ઉજવણી પ્રસંગે મહાત્મા મંદિર ખાતે યોજાયેલ સ્વામી વિવેકાનંદ યુવા પરિષદમાં એન.એસ.એસ., એન.સી.સી.ના ૪૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા ખાતે તા. ૨૮-૧-૧૨ના રોજ વસંત પંચમીની ઉજવણી પ્રસંગે કોલેજ પરિવારે સરસ્વતીની પૂજા કરી હતી. ૨૬-૧-૧૨ના રોજ પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા દાતાશ્રી ઠાકોરભાઈ ટેલરના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. તા. ૨૫-૧-૧૨ના રોજ રાષ્ટ્રીય મતદાર દિવસની ઉજવણી પ્રસંગે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં કોલેજ પરિવાર તરફથી મતદાન જાગૃતિ દર્શાવતાં બેનરોની રજૂઆત કરવામાં આવી હતી.

સોરાબજી બરજોરજી ગાર્ડા કોલેજ, નવસારીમાં તા. ૨૬-૧-૨૦૧૨ના પ્રજાસત્તાક દિન નિમિત્તે પૂર્ણ સમયના વર્તમાન તથા ભૂતપૂર્વ સ્ટાફ જોડે સદ્‌ભાવના કાર્યક્રમ યોજેલ. અને ધ્વજવંદન, મ્યુઝિકલ મોર્નિંગ તથા ત્યાર બાદ સમૂહ ભોજનનો કાર્યક્રમ યોજેલ આ પ્રસંગે ભૂતપૂર્વ સ્ટાફનું શાલ ઓઢાડી સન્માન પણ ડોનર ટ્રસ્ટી શ્રી એન.કે. સબાવાલા તથા આચાર્ય શ્રી ડૉ. જે.જે પટેલ દ્વારા કરવામાં આવેલ.

૨૬મી જાન્યુઆરીના રોજ ગવર્નમેન્ટ આર્ટસ-કોમર્સ કોલેજ, કરચેલીયામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ શ્રી ઠાકોરભાઈ એન. પટેલની આગેવાની હેઠળ ધ્વજવંદન થયું. "વંદેમાતરમ્" અને "ભારતમાતા કી જય"ના નારા સાથે પ્રભાતફેરી કરી હતી. જેમાં ગામલોકોએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ દેશભકિતગીતો ગાઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં અંગ્રેજી દિવસની ઉજવણી પ્રસંગે ઈ.ચા. આચાર્યાશ્રી નયનાબેન ચૌહાણે પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓ દ્વારા શેકસપિયર રચિત "કિંગ લિયર" નાટક રજૂ કરવામાં આવ્યું.

જે.એમ. શાહ આર્ટસ-કોમર્સ કોલેજ, જંબુસરમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે વહીવટી કર્મચારી શ્રી જી.ઓ. પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. તદ્‌પરાંત એન.સી.સી.ના કેડેટોએ પરેડ કરી હતી. આ પ્રસંગે કોલેજ પરિવાર તથા એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા. ૨૫-૧-૧૨ના રોજ વિદ્યાર્થીસંઘના ઉપક્રમે યોજાયેલ કોન્ફરન્સમાં ૧૩ વિદ્યાર્થીઓની ટીમોએ ભાગ લીધો હતો. આ ટીમોએ પોતાના સ્વહસ્તે વિવિધ વાનગીઓ બનાવી જાતે જ વેચાણ કર્યું હતું. ટીમો દ્વારા કુલ ૯,૬૮૯/- રૂપિયાના રોકાણ થકી રૂા. ૧૭,૩૧૦/-ની આવક થઈ હતી. આ સ્પર્ધામાં એસ.વાય.બી.કોમ. "સી" વર્ગની ટીમ પ્રથમ, એમ.કોમ. ભાગ-૨ની ટીમ દ્વિતીય અને એસ.વાય.બી.કોમ. "બી"ની ટીમ તૃતીય વિજેતા થઈ હતી. સ્પર્ધાનું સંચાલન પ્રા. ડી.આર. પરીખ, પ્રા. આર.પી. પટેલ અને પ્રા. એન.એમ. શાહે કર્યું હતું. આ સ્પર્ધાના ઈનામો એસ.વાય.બી.કોમ. "ડી" વર્ગના વિદ્યાર્થી કુ. સિદ્દિકા કુરેશીએ સ્પોન્સર કર્યા હતા.

## સ્પર્ધા

શ્રી વનરાજ આર્ટસ-કોમર્સ કોલેજ, ધરમપુર દ્વારા સ્વ. પ્રબોધભાઈ એમ.દેસાઈ આંતરકોલેજ 'દેશની સઘળી મુસીબતોનો જનલોકપાલ બીલ જ એકમાત્ર ઉપાય' વિષય પર યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડની શિયાની આચાર્ય અને સત્યેન્દ્ર પાઠકની ટીમે પ્રથમ ક્રમ મેળવીને શિલ્ડ મેળવેલ છે. આ સ્પર્ધામાં શિવાની આચાર્ય વ્યકિતગત રીતે પણ પ્રથમ નંબરે વિજેતા થયેલ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે તા. ૨૮-૨૯, ૨૦૧૨ દરમ્યાન યોજાયેલ તૃતીય સપ્તધારા મહોત્સવમાં કોમલ દેસાઈ મહેંદી સ્પર્ધામાં પ્રથમ અને રંગોળી સ્પર્ધામાં દ્વિતીય તથા અંજલી દરજી પોસ્ટર સ્પર્ધામાં દ્વિતીય ક્રમે વિજેતા થયા હતા. સ્વામી વિવેકાનંદની જન્મજયંતી પ્રસંગે 'યુવાનો અને સ્વામી વિવેકાનંદ' વિષય પર યોજાયેલ નિબંધ સ્પર્ધામાં પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં પ્રથમ-ચિરાગ એસ. રાણા, દ્વિતીય-દિગ્વાંગી એસ. રાણા અને તૃતીય-લુબ્ના એ. ઈસબ વિજેતા થયા.

વી.એસ. પટેલ કોલેજ, બીલીમોરાના પ્રા. શ્રી મોહનભાઈ પટેલ "ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ સંચાલિત" શ્રી નરોત્તમદાસ પટેલ જલદ ચાલ સ્પર્ધામાં રાજય કક્ષાએ દસ કિ.મી. ની જલદ ચાલમાં સતત દસમીવાર પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં વાર્ષિક રમતોત્સવ યોજાઈ ગયો. જેનું ઉદ્‌ઘાટન ટ્રસ્ટીશ્રી વિપુલભાઈ તથા ઈ.ચા. આચાર્યના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિવિધ રમતોનું આયોજન થયું હતું.

શ્રી એમ.કે. મહેતા કોલેજ ઓફ એજયુકેશન, ઉમરગામમાં સ્વામી વિવેકાનંદની ઉજવણી પ્રસંગે સ્વામી વિવેકાનંદ જીવન-કવન પર તા. ૬-૧-૧૨ના રોજ વકતૃત્વ સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં પ્રથમ-ગૌરાંગ બી. પટેલ અને દિનેશ મિશ્રા બીજા નંબરે વિજેતા રહયા હતા. 'વાત્સલ્યમૂર્તિ મા' વિષય પર યોજાયેલ નિબંધ સ્પર્ધામાં યુનિવર્સિટીની એમ.એડ્.ની છાત્રા આર્કમેન પિનલ પ્રથમ, કમલા કોલેજ ઓફ એજયુકેશન, ખોલવડના પટેલ મ.સા.મ. હુસેન દ્વિતીય અને નારાણલાલા, નવસારીની છાત્રા ભાવિષા બી. તૃતીય વિજેતા રહયા હતા. બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં પ્રાયોગિક કાર્યની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ ગઈ જેમાં કોલેજની તાલીમાર્થી નિતિક્ષાબેન વી. પટેલે પ્રા. ડી. એસ. પટેલના માર્ગદર્શન હેઠળ 'ધોરણ આઠના ગણિત વિષયમાં વર્તુળના ગુણધર્મ અજમાયશ પર પ્રાયોગિક કાર્ય કરીને પ્રથમ ક્રમ મેળવેલ છે. સરકારી આર્ટસ-કોમર્સ કોલેજ, ભીલાડમાં વલસાડ જિલ્લાની એકેડેમીક અને તાલીમી કોલેજોની બેટી બચાવો અને ગુજરાતનો વિકાસ વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં કોલેજની પારુલ કે. પટેલ પ્રથમ અને શિતલ કે. પટેલ દ્વિતીય ક્રમે વિજેતા રહી હતી.

સરકારી વિનયન અને વાણિજય કોલેજ, ભીલાડ ખાતે તા. ૨૫-૧-૨૦૧૨ના રોજ આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ-શીતલ કે., બીજો-પટેલ પારુલ કે. અને ત્રીજો-પટેલ રવિના એફ. વિજેતા બન્યા હતા. તા. ૨-૨-૧૨ના રોજ વાંચે ગુજરાત અંતર્ગત યોજાયેલ નિબંધ સ્પર્ધામાં પ્રથમ-પટેલ સરસ્વતી વી. અને દ્વિતિય-સંકેત આર. પાંચાલ તથા મિતેશ વી. પટેલ તથા તૃતીય-વર્ષા પી. રોહિત વિજેતા રહયા હતાં.

કબડ્ડી (બહેનો) તા. ૦૮-૦૯/૦૯/૨૦૧૧ના રોજ શ્રી જે.ડી.બી. મહિલા આર્ટસ કોલેજના યજમાનપદે સ્પર્ધા યોજાઈ. સદર કોલેજની ટીમ ફાઈનલ સુધી પહોંચી રનર્સ-અપનો ખિતાબ હાંસલ કર્યો. યુનિ. ટીમની પસંદગી તા. ૧૦-૦૯-૨૦૧૧ના રોજ યજમાન કોલેજમાં યોજાઈ. જેમાં કાપડીયા કિંજન એમ. અને કાકડીયા નિકિતા એસ.

(સ્ટેન્ડબાય) યુનિ. ટીમમાં પસંદગી પામી આંતર યુનિ. સ્પર્ધામાં પ્રતિનિધિત્વ કર્યું. ખેલ મહાકુંભ તા. ૧૧-૧૧-૨૦૧૧ થી સમગ્ર ગુજરાતમાં ખેલ મહાકૂંભ અંતર્ગત વિવિધ સ્પર્ધા યોજાઈ. જેમાં વરાછા ઝોન અને જિલ્લા (ઓપન કક્ષા)ના ખેલ મહાકૂંભમાં વિદ્યાર્થી પટેલ યોગેશ ડી. ચક્રફેંક અને લાંબીકૂદ સ્પર્ધામાં પ્રથમક્રમ મેળવ્યો. કાપડીયા કિંજન એમ. ખેલ મહાકૂંભ કબડ્ડી (બહેનો) (ઓપન કક્ષા)ની રાજય લેવલની સ્પર્ધામાં અમદાવાદની ટીમનું પ્રતિનિધિત્વ કરી ચેમ્પીયનશીપ હાંસલ કરી.

જિલ્લા ચૂંટણી ઓફિસર અને કલેકટર કાર્યાલય, સુરત દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની ડિજીટલ પોસ્ટર બનાવવાની સ્પર્ધામાં શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્., પાંડેસરાની તાલીમાર્થી શ્વેતા અર્જુનભાઈ પટેલે સમગ્ર જિલ્લામાં દ્વિતીય ક્રમ મેળવીને રૂા. ૧૦,૦૦૦/-નું રોકડ પારિતોષિક તથા સર્ટીફિકેટ મેળવ્યું હતું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. સંચાલિત 'બી' ઝોન ઈન્ટર-કોલેજ ક્રિકેટ ટુર્નામેન્ટની નધોઈ, ખાતે રમાયેલ ફાઈનલ મેચમાં આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડની ટીમે ખોલવડ કોલેજની ટીમને ૧૫ રનથી હરાવીને કોલેજના ૨૧ વર્ષના ઈતિહાસમાં સૌ પ્રથમ વાર ચેમ્પિયન બનવાની અનેરી સિધ્ધી પ્રાપ્ત કરી છે.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં રમતોત્સવ યોજાઈ ગયો. જેનું ઉદ્‌ઘાટન ટ્રસ્ટીશ્રી કિશોરભાઈ પાનસુરિયાએ કર્યું હતું. રમતોત્સવના અંતે ઈ.ચા. આચાર્યએ પ્રાસંગિક ઉદ્‌બોધન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. અને તાલીમાર્થીઓને પોતાના અનુભવો રજૂ કર્યા હતા.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન (એમ.એડ્.), સુરતના તાલીમાર્થી ગીરીશ સોલંકીએ ચિત્રલેખા નાટય સ્પર્ધા (મુંબઈ)માં કોમેડી નાટક સાડા ત્રણ ડાહ્યા ઘોડે બેસી નાહયા ભજવાયું હતું જેમાં તેમને આખી નાટય સ્પર્ધાના શ્રેષ્ઠ અભિનય (તૃતીય) જાહેર કરીને પારિતોષિકથી નવાજવામાં આવ્યા હતાં.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીના તાલીમાર્થી વસાવા શિરીષે શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં યોજાયેલ પુસ્તકસમીક્ષા સ્પર્ધામાં દ્વિતીય ક્રમ, વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, સુરત અને શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે યોજાયેલ આંતરરાષ્ટ્રીય સેમિનારમાં પ્રા. ડૉ. કિન્નરીબેન પટેલ, ડૉ. મીનાબેન પરમાર, પ્રા. ઉમેશભાઈ પટેલ, પ્રા. કનુભાઈ સ્વાગીયા તથા પ્રા. રોશનીબેન આયતોકાએ સંશોધન પેપરો રજૂ કર્યા હતા.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં સંગીત સંદયાના ઉપક્રમે હિન્દી-ગુજરાતી સાહિત્ય મંડળ દ્વારા ગીત સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં પ્રથમ-ગુપ્તા સંધ્યા અને દ્વિતીય-જાની ભાર્ગવ રહયા હતા. ઈ.ચા. પ્રિ. ડૉ. દિલીપભાઈ પટેલે લોકગીત ગાઈને કાર્યક્રમની શરૂઆત કરી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. નેહાબેન ચોકસી અને પ્રા. તેજલબેન રાણાએ સેવા આપી હતી.

નવયુગ આર્ટ્સ કોલેજ, સુરતમાં ''સપ્તધારા'' 'સર્જનાત્મક અભિવ્યકિતધારા' અને ગુજરાતી વિભાગના સંયુકત ઉપક્રમે જિલ્લાકક્ષાની 'ગુજરાતી વિષયની પ્રતિભાશોધ' સ્પર્ધાનું આયોજન તા. ૨૮-૨-૧૨ના રોજ થયું હતું. જેમાં પ્રથમ-વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્.ના ઠાકોર છાયાબેન જે., દ્વિતીય-નવયુગ આર્ટ્સ કોલેજના કુ. પટવા જુવેરીયા એમ., તૃતીય-એમ.ટી.બી. આર્ટ્સ કોલેજના ડોબરિયા સેજલ સી., તથા શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશનના પટેલ ચૈતાલી ડી. વિજેતા થયા હતા. શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાના નિર્ણાયક તરીકે અખંડ આનંદ કોલેજના પ્રા. ઉર્વશીબેન દવે તથા દીર્ઘ પ્રશ્નપત્રના મૂલ્યાંકનકર્તા તરીકે અખંડ આનંદ કોલેજના પ્રા. બકુલભાઈ ધોડીએ સેવા આપી હતી.

## સ્વામી વિવેકાનંદ

આર્ટ્સ-કોમર્સ કોલેજ, મોટાપોંઢામાં તા. ૧૨-૧-૧૧ના રોજ સ્વામી વિવેકાનંદની જન્મ જયંતીની ઊજવણી કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા સ્વામીજીના વિચારો પ્રગટ કરવામાં આવ્યા. તદ્‌પરાંત પુસ્તકમિત્ર કલબ અંતર્ગત મને ગમતું પુસ્તકમાં 'ધ ઓલ્ડ મેન એન્ડ ધી સી' પર અંકિતા પટેલ, 'દીકરી એટલે દીકરી' પર અનિતા પટેલ, 'ઈડલી, ઓર્કિડ અને હું' પર પ્રા. આશા ગોહિલ અને 'વાસ્તુકલા' પર પ્રિ. જોશીએ વિચારો પ્રગટ કર્યા હતા.

બી.આર.સી.એમ. કોલેજ ઓફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન, સુરતમાં તા. ૧૨-૧-૧૨ના રોજ સ્વામી વિવેકાનંદની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ૪૦ વિદ્યાર્થીઓ દ્વારા સ્વામીજીના વિચારો પર પાંચ નાટક પણ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

ડી.આર. પટેલ અને આર.બી. પટેલ કોમર્સ કોલેજ, સુરતમાં વિવેકાનંદની જન્મજયંતી પ્રસંગે મહારેલી યોજાઈ ગઈ. જેમાં વિદ્યાર્થીએ અને સ્ટાફે ભાગ લીધો હતો. અંતાક્ષરી સ્પર્ધામાં પ્રથમ-એસ.વાય.બી.કોમ. ડિવીઝન-૪ અને દ્વિતીય-ટી.વાય.બી.કોમ. ડિવીઝન-૨ વિજેતા રહી હતી. તદ્‌પરાંત નારણલાલા કોલેજ, નવસારી ખાતે તા. ૩૦-૧૨-૧૧ના રોજ યોજાયેલ સીનર્જી-૨૦૧૧-૧૨ અંતર્ગત યોજાયેલ વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં પીકી અગ્રવાલે પ્રથમ અને વાદવિવાદ સ્પર્ધામાં અક્ષય સહાની અને પરીના ખુરાનાએ દ્વિતીય ક્રમ મેળવેલ છે.

શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડમાં સ્વામી વિવેકાનંદ કોર્નરની સ્થાપના થઈ. જેમાં વિવેકાનંદજી અંગેના પુસ્તકો તથા તે અંગેની માહિતી આપવામાં આવે છે. જેમાં ઈન્ચાર્જ પ્રિ. ડૉ. રશ્મિબેન દેસાઈ તથા પ્રા. કૃપાબેન વ્યાસે સક્રિય ભાગ લીધો. તા. ૧૨-૦૧ ના રોજ સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતીની ઉજવણી પ્રસંગે શારદામઠ, વલસાડ સંન્યાસીઓ નિખિલ પ્રાણા અને સુગત પ્રાણા તથા સ્વામી વિવેકાનંદજીના જીવન અને કવન ઉપર સન્યાસીની નિખિલ પ્રાણાએ સ્વામીજીના જીવનના પ્રસંગોને ટાંકી માહિતી સભર, પ્રેરક વકતવ્ય આપ્યું. ડૉ. પુનિતાબેન દેસાઈએ શારદામઠની વિવિધ પ્રવૃત્તિઓથી સર્વને માહિતગાર કર્યા. તદ્‌પરાંત એક પ્રદર્શનનું આયોજન ત્રણ દિવસ માટે કરવમાં આવ્યું. ઉપરાંત વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૪૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. વિજેતાઓને ઈનામોથી નવાજીને બધા સ્પર્ધકોને સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. બીના વાય. દેસાઈએ અને આભારવિધિ પ્રા. જીજ્ઞાબેન દેસાઈએ કરી.

## સેમિનાર

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં સ્કોપ અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર સંદર્ભે પધારેલ અતિથિશ્રી શૈલેષભાઈ ઠકકરનું ઈ.ચા. આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે સ્વાગત કરીને પરિચય આપ્યો હતો. આ સેમિનારમાં શૈલેષભાઈ ઠકકરે સ્કોપનું મહત્વ અને વર્તમાન સમયમાં અંગ્રેજી ભાષાની તાતી જરૂરિયાત દર્શાવીને ભવિષ્યમાં શાળાકક્ષાએ તે ઉપયોગી બનશે તે અંગેનું માર્ગદર્શન આપ્યું હતું. ટ્રસ્ટીશ્રી વિપુલભાઈ જોષી તથા શ્રીમતી નીમાબેન જોષીએ પણ સેમિનારને બરદાવ્યો હતો. તદ્‌પરાંત સ્કોપ અંતર્ગત શ્રી શૈલેષભાઈ ઠકકરે વર્કશોપમાં અંગ્રેજી ભાષા પર વકતવ્ય આપ્યું હતું.

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૩-૧-૧૨ના રોજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ તેમજ નેટ-સેટ અંગે શ્રી રામ પરસાણા, પ્રા. હિમાંશુ એચ. ઠકકર, પ્રા. મુકેશ ગોયાણી, પ્રા. ચંદ્રેશ મહેતા તથા પ્રા. સ્વેતા તનેજાએ અનુસ્નાતક

વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. તદ્‌પરાંત શ્રી હિમાંશુભાઈ ભટ્ટ અને શ્રી જીતેન્દ્રભાઈ દેસાઈએ પણ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે માહિતી આપી હતી. આ પ્રસંગે પ્રિ. કે.એન. ચાવડાએ મહેમાનોનું સ્વાગત કરી સ્મૃતિચિહ્‌ન અર્પણ કર્યું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ અને દોલત ઉષા ઈન્સ્ટિટ્યૂટના ઉપક્રમે તા. ૨૫-૧-૧૨ના રોજ ડૉ. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ, સુરતના સહયોગથી 'સિવિલ સર્વિસીઝ એક કારકિર્દી' વિષય પર એમ.કોમ.ના વિદ્યાર્થીઓને લાર્સન એન્ડ ટોબેરો, સુરતના શ્રી જિતેન્દ્રભાઈ દેસાઈ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શ્રી હિમાંશુભાઈ ભટ્ટે માર્ગદર્શન આપ્યું.

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડમાં તા. ૩૧-૧-૨૦૧૨ના રોજ ડૉ. આંબેડકર ટ્રસ્ટ તથા ઓલપાડ કોલેજમાં સંયુક્ત ઉપક્રમે સિવિલ સર્વિસીસ માર્ગદર્શનન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આચાર્યશ્રી ઈશ્વરભાઈ પટેલે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડયું હતું. મુખ્ય વકતાશ્રી હિમાંશુભાઈ ભટ્ટે (નિવૃત વાઈસ પ્રેસિડેન, રિલાયન્સ કંપની લિ. હજીરા, સુરત) સિવિલ સર્વિસીસ એકઝામ અંગે ખૂબ જ ઉંડાણ પૂર્વક વૈધિક રજુઆત કરી વિદ્યાર્થીઓને સમજ આપી હતી. અંતમાં પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પણ યોજાયો હતો. કેરિયર કોર્નર સેલના ઉપક્રમે સુરતના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રી ભૂષણ દવેનું 'કોર્પોરેટ સેકટરમાં મૂડી રોકાણ' વિષય પર સેમિનાર યોજાઈ ગયો. તદ્‌પરાંત એન.એસ.એસ., એન.સી.સી. અને કેરિયર કોર્નરના ઉપક્રમે ચક્ષુદાન ખાતે રકતદાન જાગૃતિ સેમિનાર યોજાઈ ગયો. જેમાં શ્રી ધર્મેન્દ્રસિંહ ઠાકોરે વિષય સંબંધિત માહિતી આપી હતી.

## વ્યાખ્યાન

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં દશાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે ડૉ. શરીફાબેન વિજળીવાળાનું "વિદ્યાર્થીના ઘડતરમાં શિક્ષકની ભૂમિકા" વિષય પર વકતવ્ય યોજાઈ ગયું. તાલીમાર્થી મિત્રોને ભવિષ્યમાં ગુણવતાયુકત શિક્ષક બનવાની ટકોર કરી વિદ્યાર્થીઓને બને તેટલું બાહ્યજ્ઞાન પણ આપવાનું જણાવ્યું હતું.

વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ એજ્યુકેશન, ઉમરાખમાં તા. ૨૩-૧૨-૧૨ના રોજ "વિપશ્યના પરિચય કાર્યક્રમ"નું આયોજન થયું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે ગાંધીધામ કચ્છના શ્રી જયંતીભાઈ ઠકકરે વિપશ્યના ધ્યાન એટલે શું ? વિપશ્યના ધ્યાન વિધિ વડે કઈ રીતે માનસિક વિકારોથી છૂટકારો મેળવી શકાય ? જાગ્રત અને અજાગ્રત મનની કાર્યવિધિ અંગે તલસ્પર્શી જાણકારી આપી દેશ અને ગુજરાતનાં વિપશ્યના સાધના કેન્દ્રોની માહિતી આપી હતી. પ્રાસંગિક ઉદ્‌બોધન પ્રા. ડો. પ્રમોદભાઈ પટેલે તથા આભારવિધી પ્રા. અંકુર જોશીએ કરી. તદ્‌પરાંત તા. ૧૪-૨-૧૨ના રોજ આચાર્યશ્રીઓની અનુભવ શ્રેણી વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી એમ.બી. વામદોત હાઈસ્કુલ, બારડોલીના આચાર્યશ્રી ઈશ્વરભાઈ બી. પટેલનું વ્યાખ્યાન યોજાયું હતું. તેઓશ્રીએ શિક્ષણ ક્ષેત્રે નિષ્ઠા, વધુ કામ મેળવવાની અપેક્ષા રાખવી, કાર્યમાં બીજા સાથે સહભાગી બનવું, શિક્ષક તરીકે પ્રભાવશાળી અવાજ રાખવો જેવી બાબતો પર વાતો કરી હતી.

## એન.એસ.એસ.

શ્રીમતી કુસુમબેન કડકીયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વરનો એન.એસ.એસ. વાર્ષિક શિબિર તા. ૧૯-૦૧-૧૨ થી ૨૫-૦૧-૧૨ દરમ્યાન નવા બોરભાઠાની પ્રાથમિક શાળા ખાતે યોજાઈ ગયો. જેનાં ઉદ્‌ઘાટન નાયબ કલેકટર શ્રી બળવંતભાઈ પટેલના વરદ્‌ હસ્તે થયું હતું. મુખ્ય અતિથિ તરીકે રોટરી કલબ ઓફ અંકલેશ્વરના પ્રમુખ શ્રી મુકેશભાઈ બક્ષી તથા સરપંચ શ્રીમતી ચંચળબેન પટેલ ઉપસ્થિત રહયા હતા. જેમાં સ્વાગત પ્રવચન ડૉ. જગદીશ ગૂર્જરે કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. ઓફિસર ડૉ. વર્ષા સી. પટેલે કર્યું હતું. સ્વયંસેવકોએ નવા બોરભાઠા ગામમાં પ્રભાતફેરી, સૂત્રોચ્ચારો દ્વારા જનજાગૃતિ આણી હતી તથા ગ્રામ સફાઈ કરી હતી. તદ્‌પરાંત ડૉ. નરેશ વાઘેલા, ડૉ. ઈન્તેખાબ અન્સારી, શ્રી ઋષિ દવે, ગણેશ ગામીત, પ્રકાશ વાઘેલાએ વિવિધ વિષયો પર આ શિબિરોમાં વ્યાખ્યાનો આપ્યા હતા. પતંજલિ યોગીપીઠના શ્રી ઈશ્વરભાઈ, મંજુલાબેન તથા બાલુભાઈ પ્રજાપતિએ યોગ-પ્રાણાયામનું નિદર્શન કર્યું હતું. નબાબોરભાઠા ગામના કૈલાસટેકરી તથા જળકુંડ જેવા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી હતી; તે સ્થળોએ પણ સફાઈ કામ કર્યું હતું. આ વાર્ષિક શિબિરના પૂર્ણાહુતિ સમારંભમાં અંકલેશ્વર તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી લતાબેન વસાવા, ઉપપ્રમુખ શ્રી પરેશ પટેલ વગેરે ઉપસ્થિત રહયા હતા. શ્રી હિંમતભાઈ પટેલે સુપુત્ર સ્વર્ગસ્થ અનિલભાઈ પટેલની પુણ્યસ્મૃતિમાં સ્મૃતિભેટ સ્વયંસેવકોને એનાયત થઈ હતી. નવા બોરભાઠા ગ્રામ પંચાયત તરફથી સ્વયંસેવકો તથા પ્રોગ્રામ ઓફિસર ડૉ. વર્ષા સી. પટેલ તથા ડૉ. જયશ્રી જે. ચૌધરીને પ્રમાણપત્ર આપી સવિશેષ સન્માનિત કર્યા હતા.

## ઈનામ વિતરણ

નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં વાલીમંડળી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળના સહયોગથી શ્રી ગોવિંદભાઈ ધોળકિયાના અધ્યક્ષપદે વર્ષ ૨૦૧૦-૧૧માં શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિમાં વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરનાર ૪૦ વિદ્યાર્થીઓનો અભિવાદન સમારોહ યોજાઈ ગયો. જેમાં પ્રિ. પી.જે. સુખારામવાલા અને ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી કિરણભાઈ દેસાઈ પારિતોષિક એનાયત થયા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી જગદીશ બોદરાએ વિદ્યાર્થીમંડળ તરફથી કેમીસ્ટ્રી લેબ માટે દાનની બાંહેધરી આપી હતી.



બી.પી. બારીઆ સાયન્સ ઈન્સ્ટિટયુટ, નવસારીના કોલેજ પરિવાર આયોજિત પારિતોષિક વિતરણ સમારંભ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું તા. ૧૧-૨-૨૦૧૨ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. સમારંભમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, પ્રમુખ મહેમાન તરીકે શ્રી યોગેન્દ્રભાઈ પરીખ અતિથિ વિશેષ તરીકે, એસ.બી. ગાર્ડા કોલેજ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી અસ્પીભાઈ ફનીબંદા ઉપસ્થિત રહયા હતા. ડૉ. દક્ષેશભાઈ ઠાકરે વિદ્યાર્થી ભાઈ-બહેનો મારફત પ્રસ્તુત થયેલ સાંસ્કૃતિક કૃતિઓને બિરદાવી વિદ્યાર્થી જીવનનાં મુખ્ય લક્ષ્યને હંમેશા નજર સમક્ષ રાખી આનુસાંગિક પુરૂષાર્થ માટે અનુરોધ કર્યો હતો. જનરલ સેક્રેટરી શ્રી રજનીશ કડિવારે અહેવાલ મારફત સુખદ સંસ્મરણો રજુ કર્યા હતા. મહેમાનશ્રીઓએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એસ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં શૈક્ષણિક, રમત-ગમત, સાંસ્કૃતિક, એન.એસ.એસ., એન.સી.સી. પ્રવૃત્તિઓમાં ઉલ્લેખનીય સિદ્ધિઓ મેળવનાર ૩૭૨ વિદ્યાર્થીઓને દાનમાંથી મળેલ ટ્રોફીઓ અને સ્મૃતિભેટો તા. ૧૬-૨-

૧૨ના યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિશ્રી ડૉ. જયેશભાઈ દેશકરના વરદ્હસ્તે એનાયત કરવામાં આવી. જેમાં મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, પ્રિ. ડૉ. યુ.ટી. દેસાઈ, પૂર્વ પ્રિ. શ્રી જે.બી. શાહ, શ્રી અનુજભાઈ શાહ, ડાહયાભાઈ શાહ અને કોલેજ પરિવાર ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે પ્રિ. ડૉ. કે.એન ચાવડાએ કોલેજની વિકાસગાથા પ્રસ્તુત કરીને વિદ્યાર્થીઓના ઉત્તમ પરિણામની માહિતી આપી હતી. ઉપસ્થિત મહેમાનોને આવકાર પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ અને પરિચય પ્રા. સોનલ વૈદ્યે આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ કર્યું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ વલસાડમાં વિવિધ સિધ્ધિઓ-પુરસ્કાર મેળવનાર ૩૦૦ વિદ્યાર્થીઓને શ્રી ગફુરભાઈ બિલખીયા તથા શ્રી મહાદેવભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં પુરસ્કૃત કરવામાં આવ્યા. આ પ્રસંગે પ્રિ. ડૉ. જે.એમ. નાયકે કોલેજના વિકાસની માહિતી આપી હતી. શ્રી ગફુરભાઈ બિલખીયા અને શ્રી મહાદેવભાઈ દેસાઈએ પ્રસંગોચિત વ્યાખ્યાન આપ્યું હતું. વધુમાં યામિની ટંડેલને બેસ્ટ ગર્લ અને હિતેષ ભોયાને બેસ્ટ બોયનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

એસ.બી. ગાર્ડા કોલેજ આર્ટ્સ અને પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીમાં વાર્ષિક ઈનામ વિતરણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૨૪-૨-૧૨ના રોજ યોજાઈ ગયો. જેમાં સ્ટુડન્ટસ કાઉન્સિલની વિવિધ સમિતિઓમાં પ્રશંસનીય કામગીરી કરનાર વિદ્યાર્થીઓ તથા એન.એસ.એસ.ના શ્રેષ્ઠ સ્વયંસેવકોનું દાતાઓ તરફથી મળેલ ઈનામો અને ટ્રોફીઓથી અભિવાદન કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## કાર્યક્રમ

બી.જે. પટેલ બી.એડ્. કોલેજ, બારડોલીમાં વર્ષ ૨૦૧૧-૧૨નો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાઈ ગયો. જેનું ઉદ્દ્ઘાટન નગરપાલિકા બારડોલીના પ્રમુખ મયુરિકાબેન કર્યું હતું અને મુખ્ય મહેમાન તરીકે સિન્ડિકેટ સભ્યશ્રી કિરીટસિંહ વાંસદિયા હાજર રહયા હતા. તદ્પરાંત ભારત એજયુકેશન ટ્રસ્ટના પદાધિકારીઓ, એમ.બી.એમ.સી. હાઈસ્કુલના આચાર્યા અને પી.ટી.સી. કોલેજના આચાર્યા હાજર રહયા હતા. આ પ્રસંગે 'ભારતીય સંસ્કૃતિની અસ્મિતા' વિષય પર કાર્યક્રમ રજૂ થયો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વૈવિધ્યસભર કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. તદ્પરાંત ૩૦ જાન્યુઆરીના રોજ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે ગાંધીજીને શ્રધ્ધાંજલિ અર્પતા કાર્યક્રમો રજૂ થયા હતા.

## આરોગ્ય

બી.જે. પટેલ બી.એડ્. કોલેજ, બારડોલીમાં સરદાર સ્મારક હોસ્પિટલના સહયોગથી રકતદાન શિબિર યોજાઈ હતી. જેમાં તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ કુલ ૨૦ જેટલી બોટલ રકત એકત્રીત કર્યું હતું.

આર્ટસ-કોમર્સ કોલેજ, ઓલપાડમાં રેડ રિબિન કલબના ઉપક્રમે સામુહિક આરોગ્ય કેન્દ્ર, ઓલપાડના કાઉન્સેલરશ્રી અતુલ પટેલે 'એઈડસ' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

## પરિષદ




ગુજરાત અર્થશાસ્ત્ર મંડળની ૪૨મી વાર્ષિક પરિષદ રોફેલ આર્ટ્સ-કોમર્સ કોલેજ, વાપીના યજમાન પદે તા. ૪, ૫ ફેબ્રુઆરી, ૨૦૧૨ દરમ્યાન શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, મોહનગઢ, ધરમપુર ખાતે યોજાઈ. આ પરિષદમાં ગુજરાતની વિવિધ યુનિવર્સિટી અને કોલેજોના અર્થશાસ્ત્રના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ મળી ૩૫૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો. આ પરિષદમાં અર્મત્યસેનનું અર્થશાસ્ત્ર અને ગુજરાતમાં શહેરીકરણ સમસ્યાઓ વિષય ઉપર લગભગ ૧૦૦ જેટલા પેપરો રજૂ થયા. પરિષદના ઉદ્દ્ઘાટન સમારંભમાં ગુજરાત રાજયના અદિજાતી વિકાસ અને વન પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, રોફેલ ટ્રસ્ટના મંત્રી શ્રી આશિષભાઈ રોય, કુલસચિવશ્રી પ્રોફે. જે.આર. મહેતા, પરિષદ પ્રમુખ ડૉ. અલકનંદા પટેલ, અર્થશાસ્ત્ર મંડળના પ્રમુખ ડૉ. રોહિત શુકલ, મંત્રી ડૉ. મોહનભાઈ પટેલ, અખિલ ભારતીય અર્થશાસ્ત્ર મંડળના મંત્રીશ્રી અનિલઠાકુર, આચાર્યા ડૉ. હેમાલીબેન દેસાઈ તથા વ્યવસ્થાપક મંત્રી પ્રા. અજય નાયક ઉપસ્થિત રહયા હતા. પ્રથમ દિવસના અંતે ડૉ. ડી.ટી. લાકડાવાલા વ્યાખ્યાનમાળાના ભાગરૂપે વરિષ્ઠ પત્રકાર શ્રી પ્રકાશભાઈ શાહે "નાગરિક સમાજ - ઉઘડતી નવી ક્ષિતિજો" વિષય પર વકતવ્ય રજુ કર્યું હતું.

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : Dr. B J Ankuya, Assistant Librarian
Published by : J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com